
# વિકાસના કામો ન થતા બાયડના ધારાસભ્યનો વિરોધ

બાયડ, તા. ૨ અરવલ્લી જીલ્લાના બાયડ-માલપુરના ધારાસભ્ય જશુ પટેલે તેમના મત વિસ્તારમાં વિકાસના કામો થતા ન હોવાની સાથે તંત્ર દ્વારા વિકાસના કામોમાં રોડા નાખવામાં આવી રહ્યા હોવાનું અને તંત્ર રાજકીય ઈશારે કામ કરતુ હોવાનું અને પ્રભારીમંત્રી વિકાસના કામો બદલી નાખતા હોવાના આક્ષેપ સાથે જીલ્લા કલેકટર અમૃતેશ ઔરંગાબાદકરને રજુઆત કરવા પહોંચ્યા હતા અને કલેકટર કચેરીમાં જ નીચે બેસી જઈ વિરોધ નોંધાવ્યા પછી કલેકટરની અન્યાયકારક નીતિ અને વિકાસની ગ્રાન્ટમાં ભ્રષ્ટાચાર થતો હોવાનું જણાવી કલેકટર ઓફિસ પરિસરમાં શર્ટ કાઢી નાખી રામધૂન બોલાવી વિરોધ કરતા કોંગ્રેસ સમિતિના અગ્રણીઓ પણ રામધૂનમાં જોડાતા જીલ્લા સેવાસદનમાં ભારે દોડધામ મચી હતી. ધારાસભ્ય જશુ પટેલે ન્યાયની માંગ સાથે આંદોલન શરૂ કરતા પોલીસ દોડી આવી હતી અને ધારાસભ્ય જશુ પટેલ અને કોંગ્રેસના અગ્રણીઓની અટકાયત કરતા જીલ્લા સેવાસદનમાં મચેલ હંગામો શાંત પડ્યો હતો.



બાયડ-માલપુરના કોંગ્રેસના ધારાસભ્ય જશુભાઈ પટેલે તેમના મત વિસ્તારમાં તેમને ચૂંટાયાના એક વર્ષ જેટલો સમય થયો હોવા છતાં રાજકીય દ્રેષભાવ રાખી વિકાસના કામો અટકાવવામાં આવતા હોવાનું અને વિકાસના કામોમાં ભારે ભ્રષ્ટાચાર થતો હોવાના આક્ષેપ સાથે આ મુદ્દે જીલ્લા કલેક્ટરને રજુઆત કરી વિરોધ નોંધાવવા જમીન પર બેસી ગયા હતા. ત્યારબાદ જીલ્લા સેવાસદન પરિસરમાં શર્ટ કાઢી અન્યાય સામે રામધૂન બોલાવી હતી જેમાં જીલ્લા કોંગ્રેસના જયદત્તસિંહ પુવાર અને કોંગ્રેસી અગ્રણીઓ જોડાતા જીલ્લા કલેકટર પરિસરમાં હંગામો મચી જતા પોલીસ તાબડતોડ દોડી આવી ધારાસભ્ય જશુ પટેલ સહીત કોંગ્રેસી અગ્રણીઓની ટીંગાટોળી કરી અટકાયત કરી હતી.

બાયડના ધારાસભ્ય જશુ પટેલના જણાવ્યા અનુસાર એક વર્ષ જેટલો સમય ધારાસભ્ય તરીકે ચૂંટાયાને થયો છે તેમના વિસ્તારના પ્રશ્નો, નાના-મોટા કામો, આયોજનના કામો, એટિવિટીના કામો, નાણાપંચના કામો અંગે અન્યાય થઈ રહ્યો છે. નક્કી કરાયેલ કામો બદલી નાખવામાં આવે છે, જીલ્લાના પ્રભારી મંત્રી તેમની ઈચ્છા પ્રમાણે કામ બદલી રહ્યા છે તેમાં તંત્રના અધિકારીઓનો ઉપયોગ કરી રહ્યા છે, મારી મંજૂરી વગર વિકાસના કામ પૈસા લઈને બદલી નાખવામાં આવે છે.



# તલોદમાં વણઝારા સમાજ દ્વારા પાલિકાના પ્રમુખ અને ઉપપ્રમુખનું સન્માન કરાયું

તલોદ, તા. ૨ તલોદનગર પાલિકાના કોંગ્રેસના અઢી વર્ષના સાશન બાદ ભાજપ સત્તા પર આવતા તલોદનગરમાં પાલિકાના હોદ્દેદારોનું ઠેર ઠેર સન્માન સમારંભ યોજાયા હતા. જેમાં તલોદમાં વણજારા સમાજ દ્વારા પાલિકાના પ્રમુખ અને ઉપ પ્રમુખ તેમજ વોર્ડ નં. ૨ અને વોર્ડ નં. ૪ ના કોર્પોરેટરોનું પણ આ તબક્કે સન્માન સમારંભ યોજાયો હતો.



વણજારા સમાજના ગિચ વિસ્તારમાં ખુલ્લી કેનાલ, ગટર ઉભરાવવાના પ્રશ્નો તેમજ ઠેર ઠેર ભરાયેલા ખાબોચિયા દૂર કરવા સાથે પંચાયત વખતથી રહેઠાણના મકાનો સિધા નામે કરવા તેમજ વિજળી, પાણી સ્વચ્છતા અને વારંવાર રોગિસ્ટ વાતાવરણને જોતા દવા છંટકાવ સાથે આડેધડ ગેરકાયદેસર જમીનો પર સરકારનો કબ્જો કરેલી જમીન ભુમાફિયાઓથી દૂર કરવા માંગ પણ કરાઈ હતી.

તલોદ પાલિકા પ્રમુખ દક્ષાબહેન પ્રકાશસિંહ ઝાલાનુ કંકુ તિલક કરી ફુલહારથી સ્વાગત કરાયુ હતુ. જ્યારે ઉપ પ્રમુખ તરીકે ઋતુલકુમાર પ્રવિણભાઈ પટેલનું પાઘડી પહેરાવી કંકુ તિલક સાથે આરતી કરી ફુલહારથી સ્વાગત કર્યુ હતુ. પાલિકાના કાઉન્સીલર અશોકભાઈ શાહ, દામોદરભાઈ પટેલ, અનિલભાઈ મારવાડી, બેચરસિંહ, નાથુસિંહ તથા કલ્પનાબહેન શાહ, વિનુભાઈ મિસ્ત્રીનું સન્માન કરી કંકુ તિલક સાથે વિકાસ કરવા અને કટિબદ્ધ રહેવા હોદ્દેદારોએ ખાતરી આપી હતી.

# ભાદરવી પૂનમે શામળાજી મંદિરમાં ભગવાન શામળિયાના દર્શનાર્થે ભક્તોનુ ઘોડાપુર ઉમટ્યું

વિશ્વભરમાં વ્યાપેલ કોરોના વાયરસના મહાસંક્રમણને લઈ તમામ તહેવારો, પર્વોની ઉજવણી ફીક્કી બની રહી છે. ત્યારે છેલ્લા પોણા બસ્સો વર્ષથી યોજાતી અંબાજી પગપાળા યાત્રા આ વર્ષે કોરોના ઈફેકટને લઈ બંધ રહેવા પામી છે. પ્રસિધ્ધ શક્તિપીઠ અંબાજી ખાતે ઈતિહાસમાં પહેલીવાર ભાદરવી પૂનમે જ મંદિર બંધ રખાયું છે. જેથી ભક્તોમાં કચવાટની લાગણી પ્રસરી છે. મંદિર ટ્રસ્ટે ઓનલાઈન દર્શનની સુવિધા ઉભી કરતા લાખ્ખો માઈ ભક્તો આજે ઓનલાઈન દર્શન કરી ધન્યતા અનુભવી હતી. જોકે પ્રસિધ્ધ યાત્રાધામ શામળાજી ખાતેનું ભવ્ય ગડાધર વિષ્ણુ મંદિર પુનમે ખુલ્લુ રખાયું હોઈ હજારો ભક્તો દર્શન કરી ધન્યતા અનુભવી હતી. મંદિર ટ્રસ્ટ દ્વારા સરકારીગાઈડ લાઈન અનુસાર શ્રદ્ધાળુઓ માટે સેનેટાઈઝર, માસ્કની સુવિધા ઉપલબ્દ્ધ કરાવાની સાથે સોશિયલ ડિસ્ટન્સીંગનું પાલન કરાવવા ભારે જહેમત આદરી હતી. ઈટાડી ખાતેના અંબાજી મા જગદંબાના પાવનકારી દર્શનનો હજારો માઈભક્તો લાભ લીધો હતો.





## ખેડબ્રહ્મામાંમાં ભાદરવી પૂનમના શ્રધ્ધાળુઓએ દર્શન કર્યા

ખેડબ્રહ્મામાં ભાદરવી પૂનમે મોટી સંખ્યામાં લોકો ચાલતા અંબાજી જતા હોય છે અને તે લોકો ખેડબ્રહ્મા મંદિરે શીશ જરૂરથી જુકાવતા હોય છે પણ કોરોના મહા મારીના કારણે પુનમનો મેળો બંધ હોઈ લોકોએ પૂનમે શ્રદ્ધાળુઓએ નિયમો મુજબ મા અંબાના દર્શન કર્યા. મંદિરને ફૂલોથી શણગારવામાં આવ્યું હતું, ભક્તો માટે મંદિર સવારે ૭ થી સાંજના ૭ સુધી દર્શન માટે ખુલ્લું રાખવામાં આવ્યું હતું. કોરોના મહામારીના કારણે મંદિર ટ્રસ્ટ ધ્વારા દોરી બાંધી, ફરજીયાત માસ્ક અને સોશ્યલ ડિસ્ટન્ટ સાથે સેનેટાઈઝ કરી લાઈનમા દર્શન કરવાની વ્યવસ્થા કરવમાં આવી હતી. પૂનમના દર્શન વ્યવસ્થા કરી લોકોને તકલીફ ના પડે માટે અંબાજી મંદિર ટ્રસ્ટના પ્રમુખ જયદીપસિંહ રાઠોડ, ટ્રસ્ટી પરસોત્તદાસ પટેલ, પ્રવિણસિંહ સોલંકી તથા મેનેજર ઘનશ્યામસિંહ રહેવર અને સ્ટાફ દ્વારા દર્શનાર્થીઓ માટે જરૂરી વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. ખેડબ્રહ્મા પીએસઆઈ વી.બી. પટેલ દ્વારા કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો.

# સાબરકાંઠામાં મેઘરાજાનો વિરામ : ઉઘાડ નિકળતા ધરતીપુત્રો ખુશ

હિંમતનગર, તા. ૨ સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર, પ્રાંતિજ, ગાંધીનગર તથા દહેગામ તાલુકાની ખેતીની જમીન માટે કુબજ આધારસ્તંભ સમાન માંકડી ડેમ બે દિવસ અગાઉ ડેમ ઓવરફ્લો થવાને કારણે વેસ્ટ વિયરમાંથી મંગળવારે સાંજે પાણી ડેમના પાછળના ભાગે આવેલ હાથમતી નદીમાં વહેવા લાગ્યુ હતુ અને અંદાજે ૮૬૫ ક્યુસેક પાણીનો પ્રવાહ બુધવારે વહેલી પરોઢે હિંમતનગર પાસેની નદીમાં આવતા લોકો જોવા માટે ઉમટી પડ્યા હતા.

આ અંગે સિંચાઈ વિભાગના સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ માંકડી ડેમના ઉપરવાસમાં થયેલા સારા વરસાદને લીધે સતત બીજા વર્ષે ડેમ ઓવરફ્લો થયો છે. અને વધારાનું પાણી વેસ્ટવિયર મારફતે નદીમાં વહી રહ્યું છે. સિંચાઈ વિભાગના દાવા મજુબ બુધવારે હાથમતી નદીમાં અંદાજે ૮૬૫ ક્યુસેક પાણીના જથાથા પૈકી ૪૦૦ કેયુસેક પાણી કેનાલમાં છોડાયુ છે જે પાણી ખાસ કરીને હિંમતનગર અને પ્રાંતિજ તાલુકામાં આવેલા ખાલી જળાશયો તથા તળાવોમાં ઠલવાઈ રહ્યો છે. જેથી જે તે વિસ્તારના બોરકુવાઓમાં પાણીના તર ઉંચા આવશે. બાકીનું પાણી હાથમતી નદીમાં વહી રહ્યુ હોવાથી મહેતાપુરા પાસેના અને ભોલેશ્વર પાસેનો બેઠો પુલ પરથી પાણી વહી રહ્યું છે.

દરમિયાન બે દિવસથી સાબરકાંઠા જિલ્લામાં મેઘરાજાએ વિરામ લેતા ઉઘાડ નિકળ્યો છે જેને લીધે સૂર્યનારાયણના દર્શન પણ થઈ રહ્યા છે. વરસાદ બંધ થવાથી મુખ્યત્વે કઠોળ પાક તથા ડાંગર, મગફળી, કપાસ સહિતના અન્ય પાકોને ફાયદો થશે. સતત વરસાદને કારણે સાબરકાંઠા જિલ્લામાં આવેલા મોટાભાગના ગામડાઓમાં ખેતીના પાકોને નુકશાન થયુ છે. જેથી તંત્ર દ્વારા ખેડૂતોને વળતર ચુકવવાની માંગ ઉઠવા પામી છે.

# બાયડ પોલીસે એસયુવી કારમાંથી ૯૪ દારૂની બોટલ સાથે બે શખ્સોને દબોચ્યા

અરવલ્લી જીલ્લામાં દેશી-વિદેશી દારૂની હેરાફેરી અને વેપલા કરતા બુટલેગરો પર જીલ્લા પોલીસતંત્ર ત્રાટકી સપાટો બોલાવી રહ્યું છે. બાયડ પોલીસે ગાબટ રોડ પર અદાના છાપરા નજીકથી પસાર થતી એસયુવી કારમાંથી ૯૪ વિદેશી દારૂની બોટલ સાથે રાજસ્થાનના બે બુટલેગરોને ઝડપી પાડી ૫.૮૩ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. માલપુર તાલુકાના હીરબાઈ પહાડીયા ગામે રમણ માનાંભાઈ નાયકા ઘર પાછળ આવેલ તલાવડીમાં દેશી દારૂ ગાળતો હોવાની બાતમી માલપુર પોલીસને મળતા પોલીસે તલાવડીમાં બાવળના ઝાડ નીચેથી ૧૦૦ લીટર દેશી દારૂનો વોશ જપ્ત કરી ભઠ્ઠીઓનો નાશ કર્યો હતો. પોલીસ રેડ જોઈ ફરાર બુટલેગર સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. મોડાસા ટાઉન પોલીસે સહયોગ બાયપાસ ચોકડી નજીકથી રાજગોર ગામના પ્રવીણ ભગોરા નામના બુટલેગરને એક્ટિવાની ડેકીમાં સંતાડી રાખેલ વિદેશી દારૂની ૬૦ બોટલ સાથે ઝડપી પાડ્યો હતો.

બાયડ પીઆઈ એન.જી. ગોહિલ અને તેમની ટીમે પ્રોહીબીશનની શખ્ત અમલવારી માટે પેટ્રોલિંગ કરી રહ્યા હતા. ત્યારે બાયડ પીઆઈ એન.જી. ગોહીલને ગાબટ રોડ પરથી વિદેશી દારૂ ભરી કાર પસાર થવાની હોવાની બાતમી મળતા પોલીસે અદાના છાપરા ગામ નજીક વોચ ગોઠવી બાતમી આધારિત એસયુવી કાર (ગાડી.નં-જીજે૧૬.એપી. ૩૯૫૪) પસાર થતા અટકાવી કારની તલાસી લેતા કારની ડેકીમાં સંતાડી રાખેલ વિદેશી દારૂની બોટલ નંગ-૯૪ કિં. રૂ. ૭૬૭૧૦ જપ્ત કરી ચંદનસિંહ કિશોરસિંહ રાઠોડ અને દોલતસિંહ ઓમસિંહ રાઠોડ (બંને રહે. સલુમ્બર-રાજ.)ને ઝડપી પાડી વિદેશી દારૂ, એસયુવી કાર, મોબાઈલ અને રોકડ રકમ મળી કુલ રૂ. ૫૮૩૦૧૦નો મુદ્દામાલ જપ્ત કરી એસયુવી કારમાં વિદેશી દારૂ ભરી આપનાર સલુમ્બરના બુટલેગર નાથુસિંહ મેઘસિંહ સીસોદીયા વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.



મોડાસા ટાઉન પીઆઈ વાઘેલા અને તેમની ટીમે એક્ટિવામાં વિદેશી દારૂની ખેપ મારી રહેલા મેઘરજ તાલુકાના રાજગોર ગામના પ્રવીણ ઈશ્વરભાઈ ભગોરા નામના બુટલેગરને સહયોગ ચોકડી પાસેથી ઝડપી પાડ્યો હતો. પોલીસે એક્ટિવાની ડેકીમાં અને કોથળામાં ભરી રાખેલ વિદેશી દારૂની બોટલ નંગ-૬૦ કી. રૂ.૧૦૮૦૦નો જથ્થો જપ્ત કરી એક્ટિવા મળી કુલ રૂ. ૬૦૮૦૦નો મુદ્દામાલ જપ્ત કરી પ્રવીણ ભગોરા વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી જેલના સળિયા પાછળ ધકેલી દઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

માલપુર પીએસઆઈ એન.એમ. સોલંકી અને તેમની ટીમે હીરબાઈ પહાડીયા ગામે રમણ માંનાભાઈ નાયકાના દેશી દારૂ ગાળવાની અને વેચાણ કરતો હોવાની બાતમી મળતા માલપુર પોલીસે બાતમી આધારિત રેડ કરી રમણ નાયકના ઘર પાછળ આવેલ તલાવડીના કિનારે બાવળના ઝાડ નીચેથી માટલા નંગ-૧૦ માં ભરી રાખેલ દારૂ ગાળવાનો ૧૦૦ લીટર વોશ કી. રૂ.૨૦૦નો જથ્થો જપ્ત કરી દારૂની ભઠ્ઠીઓ તોડી નાખી હતી. પોલીસે રેડ કરતા રમણ નામનો બુટલેગર ફરાર થઈ ગયો હતો. માલપુર પોલીસે રમણ માનાભાઈ નાયકા વિરુદ્ધ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

## હિંમતનગર પાલિકાએ બે મહિનામાં બે કરોડથી વધુની વસુલાત

હિંમતનગર, તા. ૨ હિંમતનગર નગરપાલિકા દ્વારા જુલાઈ અને ઓગષ્ટ મહિનામાં નગરપાલિકાનો ટેક્ષ ચુકવનાર મિલ્કત ધારકો માટે ટેક્ષ રીબેટની યોજના અમલી બનાવી હતી. જેને લઈને ગત તા. ૩૧ ઓગષ્ટ ૨૦૨૦ સુધીમાં નગરપાલિકાને અંદાજે રૂ. ૨ કરોડથી વધુની આવક થવા પામી છે. આ રકમમાંથી નિયમ મુજબ વર્ષ દરમિયાન પાલિકા દ્વારા વિવિધ વિકાસકામો કરાશે.

આ અંગે પાલિકાના ચીફ ઓફીસર યશપાલસિંહ વાઘેલા તથા ટેક્ષ વિભાગના વડા હેમંતભાઈ ઘુવાડ તથા હિતેશભાઈ રાવલના જણાવાયા મુજબ દર વર્ષની જેમ હિંમતનગર પાલિકા દ્વારા આ વર્ષે ટેક્ષ રીબેટની યોજનાનો મિલ્કત ધારકોને લાભ લેવા માટે અનુરોધ કરાયો હતો અને આત્મનિર્ભર પેકેજ યોજના હેઠળ વાણિજ્ય મિલ્કતના વેરામાં ૨૦ટકા માફી તથા નગરપાલિકા દ્વારા ૧૦ટકા વળતર ટેક્ષમાં મેળવવા માટે જાહેર કરાયુ હતુ. જેથી ગત જુલાઈ અને ઓગષ્ટ દરમિયાન નગરપાલિકાના ટેક્ષ વિભાગમાં જાહેર રજાના દિવસે પણ ટેક્ષની રકમ સ્વિકારવામાં આવતી હતી.

# લેબોરેટરીમાં કામ કરતાં એક યુવકને તેના સહકર્મીઓએ હની ટ્રેપમાં ફસાવ્યો

પાલનપુર ખાતે ખાનગી લેબોરેટરીમાં કામ કરતાં એક યુવકને તેના સહ કર્મીઓએ હની ટ્રેપમાં ફસાવ્યો હતો. અને શહેરના કોઝી વિસ્તારમાં યુવતી સાથે ભેટો કરાવી પોલીસ કેસ કરવાની ધમકી આપી તેનું અપહરણ કરવામાં આવ્યું હતું. અને આબુરોડ લઈ જઈ પતાવટ પેટે રૂપિયા ૫ લાખની માંગણી કરવામાં આવી હતી. છેવટે રૂપિયા ૨૫૦૦૦ રોકડા તેમજ બે મોબાઈલ ખરીદી રૂપિયા ૯૫,૦૦૦નો મુદ્દામાલ પડાવી લેવામાં આવ્યો હતો. આ અંગે યુવકે પાલનપુર પશ્ચિમ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે અજાણી યુવતી સહિત પાંચ સામે ગૂનો નોંધી તેમને ઝડપી લેવાના ચક્રોગતિમાન કર્યા છે.

પાલનપુરમાં ચકચારી બનેલા કિસ્સાની વિગતો એવી છે કે, મૂળ અમદાવાદના અને હાલ પાલનપુરમાં ખાનગી લેબોરેટરીમાં ક્વોલિટી મેનેજર તરીકે કામ કરતો મૃણાલ પાલનપુરની રેસિડેન્સીમાં ભાડાના મકાનમાં રહે છે. જેની સાથે પટાવાળા તરીકે નોકરી કરતા બિલાલ નામક શખ્સએ હની ટ્રેપનું કાવતરું ગોઠવ્યું હતું. જે મુજબ રીક્ષા ચાલક ઈમરાન સાથે ફોન ઉપર વાત કરાવી મુલાકાત કરાવી હતી. અને કોલ ગર્લ સાથે મળવા માટે લાલચ આપી હતી. આથી મૃણાલ તેમની વાતોમાં આવી જતાં ૧૫ જુલાઈ ૨૦૨૦ની સાંજે ઈમરાને મૃણાલને ફોન કરી કોઝી રોડ ઉપર આવેલી માધવી પાછળ મુલાકાત ગોઠવતાં તેઓ પહોંચ્યા બાદ બંને જણાં કોઈ ઘરે પહેલા માળે લઈ ગયો હતો.

જ્યાં એક બુરખો પહેરેલ સ્ત્રી હોવાથી ઈમરાન બંનેને એકલા મુકી આવુ છુ તેમ કહી નીકળી ગયા બાદ દસેક મીનીટમાં બે અજાણ્યા છોકરા આવી અને મૃણાલ સાથે મારામારી કરવા લાગેલા. આ સાથે યુવતી તેમની બહેન હોવાનું કહી અને ઈમરાનને ફોન કરતાં તેને પણ આવી મૃણાલ સાથે મારામારી કરી હતી. સમગ્ર ઘટનાક્રમ વચ્ચે આ ઈસમો મૃણાલને જબરજસ્તીથી તેમની જ ગાડી પાછળની સીટ ઉપર બેસાડી અને આબુરોડ લઈ ગયા હતા. જ્યાં તેમને ગાડી સાથે સળગાવી દેવાની વાત બાદ ઈસમોએ મૃણાલ પાસે પતાવટ માટે પાંચ લાખની માંગ કરી હતી. જોકે મૃણાલે ના પાડતાં તેમના એટીએમમાંથી ૨૦,૦૦૦ ઉપાડી આ લોકોને આપ્યા હતા. જોકે આ ઈસમોએ વધારે પૈસાની માંગ કરી લતીફ નામના ઈસમે મૃણાલના એટીએમથી આબુરોડની મોબાઈલ નામની દુકાનમાંથી ૨૧,૦૦૦નો અને એક ૪૯,૦૦૦નો મોબાઈલની ખરીદી કરી હતી. મૃણાલે નોંધાવેલી ફરીયાદ મુજબ, આરોપીઓએ તેમની પાસેથી પ્રથમ ૨૦,૦૦૦ રોકડા, ૨૧,૦૦૦ અને ૪૯,૦૦૦ના બે મોબાઈલ અને ગાડીમાં પડેલ ૫,૦૦૦ રોકડ મળી ૯૫,૦૦૦ પડાવ્યા હતા.

## અભાપુરની યુવતીને દહેજ મામલે ત્રાસ અપાતા ચાર વિરૂદ્ધ ફરીયાદ

સાબરકાંઠા જિલ્લાના વિજયનગર તાલુકાના અભાપુર ગામની એક યુવતીને છેલ્લા ત્રણ વર્ષથી સાસરીયાઓ દ્વારા શારિરીક અને માનસિક ત્રાસ આપી દહેજ માંગવામાં આવતુ હતુ જેથી કંટાળીને આ યુવતીએ મંગળવારે સુરેન્દ્રનગર જિલ્લાના રતનપર ખાતે રહેતા ચાર સાસરીયાઓ વિરૂદ્ધ દહેજ ધારા અંતર્ગત વિજયનગર પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.

# ખેડબ્રહ્મામા ઘર આગળથી સ્કોર્પિયો કાર ચોરાઈ

ખેડબ્રહ્માના દેવીનગર વિસ્તારમાંથી ૩૦ ઓગસ્ટ રાત્રિના સમયે ઘર આગળ પાર્ક કરેલી સ્કોર્પિયો કાર ચોર ઈસમો ચોરી કરી પલાયન થઈ ગયા હતા. ખેડબ્રહ્માના દેવીનગર વિસ્તારમાં રહેતા પ્રદ્યુમ્નસિંહ સોલંકી પોતાના પારિવારિક ઉપયોગ માટે એક વર્ષ અગાઉ એક બ્લેક કલરની જી.જે.૯.બીજી.૨૮૨૮ નંબરની કાર લાવ્યા હતા.

ગત ૩૦ ઓગસ્ટના રાત્રીના પ્રદુમનસિંહ પોતાના મિત્રો સાથે શેઠ




કે.ટી. હાઈસ્કૂલ પાસે કાર પાર્ક કરી હાઈવે પર હોટલમાં ચા નાસ્તો કરવા ગયા હતા અને પરત આવી ગાડી ઘર આગળ પાર્ક કરી સુઈ ગયા હતા. સવારે તેમના મમ્મી જાગીને ઘર બહાર ગાડી નજર ના આવતા પ્રદ્યુમ્નસિંહને જગાડયા હતા જેથી તેમને મિત્ર વર્તુળમાં જાણ કરી શોધખોળ કરી હતી પણ કાર મળી ન હતી. જેથી પ્રદ્યુમ્નસિંહ ધ્વારા ઘર આગળ પાર્ક કરેલી કાર અને અંદર રાખેલ ઓરિજન ડોક્યુમેન્ટ કોઈ ચોર ઈસમો ચોરી ગયા. આ બાબતે ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાવી હતી.